# ઈ.સ. ૪૦૦ થી ૧૬૦૦ વચ્ચેના ગાળામાં ખ્રિસ્તી ધર્મનો વિસ્તાર

**બાળકોને શીખનારે સ્ટડી H4b2 વાંચવો.**

**૧. પ્રાચીન ખ્રિસ્તી ધર્મનો ઈતિહાસ તમારા ટોળાને શીખવવા માટે પ્રાર્થના અને દેવના વચન દ્વારા તૈયાર થાઓ.**

**પ્રાર્થના :** વહાલા પ્રભુ ઈસુ તમે લોકોને અને પ્રજાઓને કેવી રીતે આશીર્વાદ આપો છો તે ઈતિહાસ પરથી શીખવામાં અમારી સહાય કરો.

**પ્રે. ૧૯ :૧૧-૨૮** માંથી શોધો કે જ્યારે ખ્રિસ્તી જીવનને મૂર્તિપૂજા સાથે ટક્કર થઈ ત્યારે શું બન્યું.

- દેવે ઈસુને માન આપવા શું કર્યું ?(ક.૧૧,૧૨)
- જ્યારે અવિશ્વાસીઓએ ઈસુના નામથી ભૂતો કાઢવાનો પ્રયત્ન કર્યો ત્યારે શું બન્યું ? (૧૩-૧૭)
- જેઓ જાદુ કરે છે તેમના પ્રતિ વિશ્વાસીઓએ શુ કરવું જોઈએ ? (૧૮-૨૦)
- અન્ય ધર્મી પૂજારીઓ અને ધાર્મિક લોકો શું કરશે ? (૨૧-૨૮)

## ખ્રિસ્તી માર્ગ ઈ.સ. ૪૦૦ થી ૮૦૦ સુધી

એશિયનો પશ્ચિમ તરફ આગળ વધ્યા ત્યારે વિદેશી લોકોએ રોમન સામ્રાજ્ય ઉપર ચઢાઈ કરી, અને તેને નબળુ પાડી દીધું. આની કેટલીક અસરો ખ્રિસ્તી ધર્મ ઉપર પડી.

- વિદેશીઓ સુવાર્તાના સંપર્કમાં આવ્યા અને ઘણા વિશ્વાસીઓ થયા.
- ચર્ચો નહિ પણ મઠો વિશ્વાસ અને શિક્ષણના કેન્દ્રો બન્યા.
- આયર્લેન્ડના કેલ્ટ જૂથના લોકોએ મઠ પદ્ધતિ શરૂ કરી અને આખા યુરોપમાં સુવાર્તા પ્રચાર કર્યો.
- કેલ્ટ લોકોએ શિક્ષણ પ્રથાનો પ્રચાર કર્યો તેમજ બાઈબલ અને અન્ય પુસ્તકોનો તરજૂમો કર્યો.
- દક્ષિણ એશિયામાં ખ્રિસ્તી સમૂહો શરૂ થયા.
- નેસ્ટોરીયન ખ્રિસ્તીઓએ મધ્ય એશિયામાં મઠ શિક્ષણ પ્રથા શરૂ કરી.
- ઈસ ૮૪૫ સુધી ચીનમાં નેસ્ટોરિયન ખ્રિસ્તી પંથ સમૃદ્ધિ પામ્યો.
- રોમન સમ્રાટ ચાર્લેમેગ્નેએ ખ્રિસ્તી ધર્મ અને ન્યાયને ૮મી સદીમાં પ્રાધાન્ય આપ્યું.

**માત્થી ૨૪ :૬-૧૪** પ્રભુ ઈસુએ તેના લોકો જગતમાં કેવી પરિસ્થિતિનો સામનો કરશે તે જણાવ્યું છે.

- દેશો દેશો વચ્ચે શું થશે ? (૬,૭)
- દેશ દેશમાં રહેલા ખ્રિસ્તના લોકોને શું થશે ? (૯)
- ખ્રિસ્તની સુવાર્તા જેઓએ સાંભળી છે તેવા ઘણા લોકો શું કરશે ? (૧૦)
- ઘણઆ લોકોનો પ્રેમ શાથી ઠંડો થઈ જશે ? (૧૧,૧૨)
- એ સમયોમાં ખ્રિસ્તના સાચા વિશ્વાસીઓએ શું કરવું ? (૧૩)
- સુવાર્તાનું શું થશે ? (૧૪)

## ખ્રિસ્તી માર્ગ ઈસ ૮૦૦ થી ૧૨૦૦

ઉત્તરના સ્કેન્ડેનેવીયન હુમલાખોરો અને ચાંચિયાઓએ યુરોપના સમૃદ્ધ કેન્દ્રો પર હુમલા કર્યા અને મઠોનો નાશ કર્યો. ત્યાર પછીના સમયગાળામાં ઈસ્લામધર્મીઓએ એશિયા અને યુરોપ પર ચઢાઈઓ કરી. આને કારણે ખ્રિસ્તી ધર્મને કેટલીક અસરો પહોંચી.

- આ સ્કેન્ડેનેવીયન (વાઈકીંગ્સ) હુમલાખોરો ઘણા ખ્રિસ્તીઓને બંદિવાન બનાવીને લઈ ગયા અને તેમના દ્વારા તેઓ સુવાર્તાના પરિચયમાં આવ્યા.

- સમગ્ર યુરોપમાં ફરીથી ખ્રિસ્તી ધર્મ ફેલાવો પામ્યો.
- ઘણા રાજાઓ અને લોકસમૂહો નામ પૂરતા પણ ખ્રિસ્તી બન્યા.
- યુરોપ કરતા એશિયામાં ખ્રિસ્તી ધર્મ વધારે ફેલાવો પામ્યો હતો.
- ઈસ્લામે થોડો સમય પૂરતા ખ્રિસ્તી ધર્મને સહન કર્યો પણ આજદિન પર્યંત તે તેનો તીવ્ર વિરોધી છે.

**નોંધ :** નેસ્ટોરીયન લોકો એશિયાના દેશોના લોકોમાં અસરકારક મિશનેરી સેવા કરતા હતા. તેઓ આ બાબતો કરતા હતા :

- તેમના મોટા ભાગના મિશન કામદારો વેપારી અને ધંધાર્થી હતા અને સુવાર્તિક ખર્ચનો બોજો પોતે જ ઉઠાવવા તા.
- અવિશ્વાસીઓને ખાતરી પમાડવા તેઓ દર્શન મેળવવા અને ચમત્કારો કરવા માટે દેવ પર આધાર રાખતા હતા.
- ઘણા સ્થાળોએ તેમણે શૈક્ષણિક અને મેડીકલ (હોસ્પીટલ) સંસ્થાઓ ઊભી કરી.
- જોખમકારક જગાઓમાં પણ તેમણે મઠો સ્થાપ્યા.
- પાળકો અને વિશ્વાસીઓ માટે તેમણે તાલિમ શાળાઓ અને માર્ગદર્શનો ઊભા કર્યા.

આમ છતાં તેમનું મોટાભાગનું કામ ચાર કારણોને લીધે નાશ પામ્યું.

- તેમણે બાઈબલનું સ્થાનિક ભાષાઓમાં ભાષાંતર ન કર્યું.
- પોતાના ચર્ચો ચલાવવા તેમણે સ્થાનિક લોકોને રજાન આપી.
- સ્થાનિક ખ્રિસ્તીઓને તેમની પોતાની સાંસ્કૃતિક રસમો પ્રમાણે ભજનસેવા કરવાનું તેમણે ન શીખવ્યું.
- ઘણા કેવળ નામધારી ખ્રિસ્તી હતા કે જેઓને સંપતિ અને સત્તામાં રસ હતો. તેઓ તારણ પામેલા ન હતા.

### ખ્રિસ્તી માર્ગ ઈસ. ૧૨૦૦ થી ૧૬૦૦

એશિયા અને યુરોપના ખ્રિસ્તી આગેવાનોએ બાઈબલનું અન્ય ભાષાઓમાં ભાષાંતર કરવાની રજા આપી નહિ. વળી સામાન્ય માણસ બાઈબલ વાંચી શકે નહિ કે તેનો અમલ કરી શકે નહિ. આને કારણે ખ્રિસ્તી માર્ગમાં કેટલોક સડો પેઠો.

- રાજાઓ અને પોપે ભેગા મળીને પોતાની સંપતિ અને સત્તા વધારવા માટે ખ્રિસ્તી ધર્મમાં રાજકારણ કર્યું.
- ઈસ ૧૦૯૫ થી ૧૩૫૦ સુધી યુરોપીય પ્રજાઓએ મુસ્લીમો, યહુદીઓ અને એશિયાના ખ્રિસ્તીઓ વિરુદ્ધ ધર્મયુદ્ધો કરીને ઘણાની કતલ કરી અને ઘણી જમીન પચાવી પાડી.
- આ યુદ્ધોમાં પરાજય થવાથી મોટાભાગની એશિયન પ્રજા મુસ્લીમ થઈ ગઈ.
- ઈસ. ૧૩૬૮થી ચીનમાં શરૂ થયેલ મીંગ વંશના રાજાઓ દ્વારા નેસ્ટોરિયન ખ્રિસ્તી માર્ગનો નાશ થયો.
- મુસ્લીમ સમ્રાટ ટેમરલેને (૧૩૩૬-૧૪૦૫) એશિયામાંથી મોટાભાગના ખ્રિસ્તી ધર્મને નિર્મૂળ કર્યો.
- ફ્રાન્સિસ્કન અને ડોમિનિકન ખ્રિસ્તીઓએ મુસ્લીમોમાં શાંતિમય મિશન કાર્યો શરૂ કર્યા.

### ૨. સાથીદારો સાથે અઠવાડિયાની પ્રવૃત્તિઓનું આયોજન કરો.

ભાગ ૧ નો અભ્યાસ ભેગા મળીને વાંચો અને ખ્રિસ્તી માણસે કરવા જોઈતા મુદ્દાઓની નોંધ કરો. તમે તેવી બાબતો આસપાસના સમાજમાં કેવી રીતે કરશો તેનું આયોજન કરો.

આ અભ્યાસ ઉપરથી ચર્ચ ઈતિહાસની તાલિમ અને શિક્ષણ આપવા શિખાઉ પાળકો અને વડીલોને મળો. આ સિવાય તેમની જરૂરિયાત અનુસારના અભ્યાસ પણ શિખવો. PTLT મેનુનો ઉપયોગ કરો.

**૩. આવનાર ભજનસેવા માટે સાથીદારો સાથે આયોજન કરો.**

પ્રેરિતોએ ખ્રિસ્તની સુવાર્તાનો પ્રચાર કર્યો તે બાબતના ભાગ ૧ માંના શાસ્ત્રભાગો વિશ્વાસીઓ પાસે વંચાવો.

મધ્યયુગના ખ્રિસ્તી મંડળીના ૪૦૦ વર્ષ (ઈસ ૧૨૦૦ - ૧૬૦૦) દરમ્યાન વિશ્વાસીઓ સુવાર્તા પ્રચારમાં કેવી રીતે મદદરૂપ થતાહતા તે સમજાવો.


સતાવણી કે નકારના સમયોમાં પ્રભુ પ્રત્યે વિશ્વાસુ રહેવામાં પ્રભુએ કેવી રીતે સહાય કરી તે વિષે વિશ્વાસીઓને સાક્ષીઓ આપવાદો.

બાળકોને તેમણે તૈયાર કરેલ નાટક રજુ કરવા દો.

**પ્રભુની મેજ** સેવા માટે પ્રક. ૨૦ :૪ વાંચો અને ટૂંકાણમાં સમજાવો કે પ્રભુ ઈસુ પોતે બલિદાન થયા અને જેઓ તેને ખાતર મૃત્યુ પામે છે તેઓ તેની સાથે રાજ કરશે.

માત્થી ૧૦ :૩૨ **મુખપાઠ કરો.**

બે કે ત્રણના **નાના જૂથો** બનાવીને પ્રાર્થના, આયોજન અને ઉત્તેજનની પ્રવૃત્તિ કરો.




Copyright © 2004 by Paul- Timothy. May be freely copied.
Download from www. Paul-Timonthy.net